આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-24-06-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

-----------------------------------------------------------------

## નવી દિલ્હી – 18મી લોકસભાનો પ્રથમ સમારંભ

દેશની **18**મી લોકસભાનું પ્રથમ સત્ર આજથી પાટનગર નવી દિલ્હી ખાતે શરૂ થાય છે. હાલે યોજાયેલ લોકસભા ચૂંટણીમાં ચૂંટાયેલા નવા સંસદ સભ્યોને લોકસભાના કાર્યકારી અધ્યક્ષ પદે નિયુક્ત થયેલા ભર્તૃહરિ મહેતાબ શપથ લેવડાવશે. પ્રથમ પ્રધાનમંત્રી અને તેમના મંત્રી મંડળના સભ્યો શપથ લેશે. ત્યારબાદ રાજ્ય વાર ક્રમવારી મુજબ સભ્યો શપથ લેશે. બે દિવસ આ કાર્યવાહી ચાલશે. એ પછી **26**મીએ નવા અધ્યક્ષની ચૂંટણી થશે. **27**મીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સંસદનાં બંને ગૃહોને સંબોધન કરશે. નવું સત્ર **3**જી જુલાઈ સુધી ચાલશે.

**RNU** અમદાવાદ

-----------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી – પુર વ્યવસ્થાપન સમીક્ષા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં પૂર વ્યવસ્થાપન અને તૈયારીઓ અંગેની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકનું નેતૃત્વ કર્યું હતું. તેમણે દેશમાં પૂરના સંભવિત જોખમો ઘટાડવા વ્યાપક અને દૂરોગામી નીતિ બનાવવા પર ભાર મૂક્યો હતો.

**RNU** અમદાવાદ

---

## મુખ્યમંત્રી – પોલિયો રસીકરણ પ્રારંભ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાળ લકવા નાબૂદી અભિયાન – 2024 અંતર્ગત ગઈકાલે રાષ્ટ્રીય રસીકરણ દિવસે રાજ્યવ્યાપી પોલીયો રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.**

**આ અભિયાન અંતર્ગત 0થી પાંચ વર્ષના 83 લાખ 72 હજારથી વધુ ભુલકાઓને આવરી લેવામાં આવશે. આ માટે 1 લાખ 33 હજાર આરોગ્ય કર્મીઓ 33 હજાર 489 પોલીયો બુથ પરથી બાળકોને ટીપાં પીવડાવવાની કામગીરીમાં જોડાશે. સમગ્ર રાજ્યમાં પોલીયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. 24 અને 25 જૂનના દિવસે આરોગ્ય કર્મીઓ ઘરે ઘરે ફરીને ભુલકાઓને ટીપાં પીવડાવશે.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રી નિવાસ સંકુલના કોમ્યુનીટી સેન્ટરમાં ભુલકાઓને પોલીયો રસીના ટીપા પીવડાવીને આ અભિયાનનો પ્રતિકાત્મક આરંભ કરાવ્યો હતો.**

**RNU અમદાવાદ**

---

## કચ્છ પોલીયો રસીકરણ

કચ્છ જિલ્લામાં ગઈકાલે રસીકરણ દિવસે 2 લાખ 61 હજાર 237 બાળકોને પોલીયોની રસાના ટીપાં પીવડાવ્યા હતા. આજે પણ ઘરે ઘરે જઈને આરોગય કર્મચારીઓ દ્વારા બાળકોને ટીપાં પીવડાવશે.

**RNU અમદાવાદ**

---

## સીબીઆઈ- નીટ-યુજી પરીક્ષા

**NEET-UG** પરીક્ષા વિવાદ મામલે તપાસ કરી રહેલી કેન્દ્રીય તપાસ સંસ્થા-CBI એ પોલીસ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગના નિદેશકની ફરિયાદને આધારે આ FIR કરાઈ છે. સીબીઆઈએ આ મામલે વિશેષ તપાસ ટીમોની રચના કરી છે, જે બિહારના પટણા અને ગુજરાતના ગોધરા રવાના થશે. પટણા અને ગોધરામાં પણ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયેલી છે.

**RNU અમદાવાદ**

---

## સુરત – ગુજરાત હાઈકોર્ટ મુખ્ય ન્યાયમુર્તિ

ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલે કહ્યું છે કે શ્રમિકોને તેમના અધિકારો અને કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ અપાવવામાં રાજ્ય અને જિલ્લાની કાનૂની સેવાઓની ભૂમિકા અગત્યની છે.

ગઈકાલે સુરતમાં જિલ્લા કાનૂની સત્તામંડળ દ્વારા શ્રમિકો માટેની કલ્યાણકારી યોજનાઓ અંગે કાનૂની જાગૃતિ કાર્યક્રમમાં મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલે આ મુજબ જણાવ્યું હતું.

**RNU અમદાવાદ**

---

## હવામાન -01 – રાજય

નૈઋત્યનું ચોમાસું આખરે રાજ્યમાં પ્રવેશી ચૂક્યું છે. જેને કારણે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાક ભાગોમાં ધીમેધારે તો ક્યાંક

છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. કચ્છ અને ઉત્તર ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં સાંજ સુધી હવામાન સૂકું રહ્યું હતું. હવામાન વિભાગ અનુસાર દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં બેથી આઠ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

**RNU અમદાવાદ**

---

## હવામાન -02- કચ્છ

કચ્છ જિલ્લામાં ગઈકાલે દિવસભર ભારે બફારો અને ઉકળાટ અનુભવાયા હતા. જિલ્લા મથક ભુજ ગઈકાલે **42.5** ડિગ્રી સેલ્સીયસ સાથે રાજ્યમાં સૌથી ગરમ મથક રહ્યું હતું. તો સરહદી અને રણ વિસ્તારનું જનજીવન ભારે તાપથી પ્રભાવિત થયું હતું.

**RNU અમદાવાદ**

---

## કચ્છ વરસાદ

દરમિયાન કચ્છ જિલ્લામાં ગઈકાલે જિલ્લાના પાંચ તાલુકામાં મેઘરાજાએ ઝરમરથી ઝાપટા રૂપે હાજરી પુરાવી હતી. માંડવી, મુંદરા, અબડાસા, નખત્રાણા અને સરહદી ખાવડા પંથકમાં એક ઈંચ સુધીનો વરસાદ થયો હોવાના અહેવાલ છે.

**N.P**

---

## રાજ્યમાં નવીનતમ સંશોધનો

નવીનતમ સંશોધનોમાં ગુજરાત રાજ્યે હરણફાળ ભરી છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યના વિવિધ સંશોધકોએ **952** પેટન્ટ મેળવી છે.

રાજ્યમાં કાર્યરત કેન્દ્રીય અને રાજ્ય સરકારની સંશોધન સંસ્થાઓ અને વિશ્વ વિદ્યાલયોમાં નવીનતમ સંશોધનને અનુરૂપ વાતાવરણ મળતા પેટન્ટ મેળવવામાં અમદાવાદ અને વડોદરાના સંશોધકો અગ્રિમ છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## ક્રિકેટ -01 ICC T-20 વિશ્વકપ(1) AFG-AUS (2) ENG-USA

આઈસીસી પુરુષ ટી-ટ્વેન્ટી ક્રિકેટ વિશ્વ કપમાં ગઈકાલે અફઘાનિસ્તાને ઓસ્ટ્રેલિયાને પરાજીત કરી મહત્વપૂર્ણ વિજ્ય મેળવ્યો હતો. તો ઈંગ્લેન્ડે અમેરિકાને એકતરફી મેચમાં પરાજીત કરીને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું. આજે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાશે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## ક્રિકેટ 02 – ભારત – દક્ષિણ આફ્રિકા વન ડે

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ગઈકાલે બેગ્લોર ખાતે દક્ષિણ આફ્રિકાને 6 વિકેટથી પરાજીત કરી શ્રેણી 3-0થી જીતી લીધી છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------